

P.07

નયનતારા ફરી ફસાઇ,'ચંદ્રમુખી'ના નિર્માતાઓએ કોપીરાઈટ મુદ્દે નોટિસ મોકલી

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673



P.07

'કહો ના પ્યાર હૈ'ની સિલ્વર જ્યુબિલી વર્ષની ઉજવણી થવા જઈ રહી છે

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૪૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૦૯ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 149 • Dt. 07-01-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


છત્તીસગઢમાં નક્સલી હુમલો । આઈઈડી બ્લાસ્ટમાં ૮ સૈનિકો અને ડ્રાઈવર શહીદ



07

07
JANUARY- 2025
TUESDAY



07

ઝારખંડ રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપશે । ૨૬ જાન્યુઆરીએ ડ્યુટી પાથ પર ઝાંખી જોવા મળશે

### સાયબર ક્રાઈમમાં પોલીસ ફરિયાદ નોંધાઈ

# વડોદરામાં નિવૃત બેંક કર્મીને કરાયા ડિજીટલ અરેસ્ટ । ૯૧ લાખ પડાવી લીધા

**બેંક કર્મચારીએ કહ્યું કે, મને અન્ય અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને કોલ કરનારે પોતાની ઓળખ મુંબઈ પોલીસના રાજેન્દ્ર પ્રધાન તરીકે આપી હતી અને પાર્સલ વિશે પૂછપરછ કરી હતી**

। પ્રતિનિધિ, વડોદરા, તા.૬ ।

વડોદરા શહેરમાં એક નિવૃત્ત બેંક કર્મચારીની ડિજીટલ રીતે મુંબઈ પોલીસ અને સીબીઆઈ અધિકારીના નામની ખોટી ઓળખ કરીને ધરપકડ કરવામાં આવી હતી અને ધરપકડની ધમકી આપીને બેંક કર્મચારી પાસેથી ૯૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે સાયબર ક્રાઈમમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.બેંક કર્મચારીએ કહ્યું કે, મને અન્ય અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને કોલ કરનારે પોતાની ઓળખ મુંબઈ પોલીસના રાજેન્દ્ર પ્રધાન તરીકે આપી હતી અને પાર્સલ વિશે પૂછપરછ કરી હતી અને કહ્યું હતું કે પાર્સલ વિશે વધુ પૂછપરછ માટે તમને બીજો કોલ આવશે.



ત્યારબાદ મને અન્ય નંબર પરથી વોટ્સએપ પર વોઈસ કોલ આવ્યો અને કોલ કરનારે કહ્યું કે હું સીબીઆઈનો અભિષેક પ્રધાન છું.મેં કહ્યું, મારું કેનેરા બેંકમાં કોઈ ખાતું નથી અને હું ક્યારેય મુંબઈ આવ્યો નથી, તેણે કહ્યું તમારે આ બધું સાબિત કરવું પડશે. જેના માટે તમારે તમારા બેંક ખાતાની વિગતો વગેરે તમામ નાણાકીય માહિતી આપવાની રહેશે, તેથી મેં આ માહિતી તેમને વોટ્સએપ પર આપી. પછી તેઓએ મને કહ્યું કે જ્યાં સુધી આ તપાસ ન થાય ત્યાં સુધી તમારા ખાતામાંના તમામ પૈસા અને તમારા શેર અને જે પણ એફડી હોય તે તમામ નાણાંકીય રકમ અમને આપવા પડશે અને જો તમે અમને આ બધા પૈસા નહીં આપો તો તમને ડિજિટલી ધરપકડ અને પોલીસ તમારા ઘરે આવશે. આવશે અને તમારી ધરપકડ કરશે. આ સાંભળીને હું ડરી ગયો. જેથી ગભરાઈને સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.વડોદરા શહેરમાં એક નિવૃત્ત બેંક કર્મચારીની ડિજીટલ રીતે મુંબઈ પોલીસ અને સીબીઆઈ અધિકારીના નામની ખોટી ઓળખ કરીને ધરપકડ કરવામાં આવી હતી અને ધરપકડની ધમકી આપીને બેંક કર્મચારી પાસેથી ૯૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા.


















CMYK

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

મારો વિસ્તાર મારો અવાજ

મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Tuesday 07-01-2025


લોક પત્રિકા સીટી ઑફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## કાલાવડમાં પ્રેમલગ્ન કરવા મોંઘા પડ્યાં, યુવક સહિત બહેન-બનેવીનું અપહરણ કરાયું

। પ્રતિનિધિ, જામનગર, તા.૬ ।

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ધૂનધોરાજી ગામમાં રહેતા એક યુવાને પ્રેમ લગ્ન કરી લીધા બાદ પ્રેમલગ્ન કરનાર યુવાનની બહેન-બનેવી સહિત ત્રણ વ્યક્તિનું એક બોલેરો કારમાં આવેલા ચાર શખ્સો અપહરણ કરી જતાં ભારે ચકચાર જાગી છે. જે બનાવ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસમાં મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ આરોપીઓને શોધી રહી છે.આ બનાવની વિગત એવી છે કે કાલાવડ તાલુકાના ધૂનધોરાજીમાં રહેતા કૈલાશભાઈ આદિવાસી અને તેના પત્ની ઉષાબેન તથા પુત્રી નિશાબેન કે જેઓ ત્રણેય પોતાની વાડીની ઓરડીમાં સુતા હતા, જે દરમિયાન વિક્રમ સમસિંગભાઈ દેહીજા તથા ગોટુ માવી અને બે અજાણ્યા શખ્સો એક સફેદ કલરની બોલેરો કારમાં આવ્યા હતા, અને કૈલાશભાઈના પુત્ર ઉમેશને ઢોર માર માર્યો હતો.ત્યારબાદ કૈલાશભાઈ તેના પત્ની ઉષાબેન અને પુત્રી નિશાને બળજબરીપૂર્વક કારમાં બેસાડીને અપહરણ કરી ગયા હતા.

## નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાશે ભારત અને આયર્લેન્ડ વચ્ચે મહિલા ક્રિકેટ

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૬ ।

ભારત સામે આયર્લેન્ડ મહિલા ક્રિકેટ મેચ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાવાની છે. ૧૦, ૧૨ ૧૫ જાન્યુઆરી સ્ટેડિયમમાં ક્રિકેટ ફીવર જોવા મળશે. ત્યારે આયર્લેન્ડની મહિલા ક્રિકેટરો અને ટીમના સ્ટાફનું રાજકોટમાં આરતી, ફૂલ હાર વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોશિયેશને દર્શકો માટે મેચ જોવી મફતમાં રાખી છે. એટલે કે એન્ટ્રી ફ્રી રહેશે.આગામી ૧૦, ૧૨ અને ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ભારતીય મહિલા ટીમ આર્યલેન્ડ મહિલા ટીમ સાથે ત્રણ વનડે મેચની સિરીઝ રમશે જે મેચની શરૂઆત સવારે ૧૧ વાગ્યાથી થશે. બન્ને ટીમની મહિલા ખેલાડીઓ કાલાવડ રોડ પર આવેલ સયાજી હોટલ ખાતે રોકાણ કરશે. જાણકારોના મતે, રાજકોટની પીચ ખૂબ સારી છે, ખેલાડીઓને મનગમતી પીચ છે માટે અહીં ખૂબ સારો સ્કોર થશે તે માટે પીચ ક્યુરેટરે પીચ તૈયાર કરવાની શરૂઆત કરી દીધી છે.

### ગુજરાતના પાટીદારોને અનામત આંદોલનથી

# સમાજને શું મળ્યું એ કરસનભાઈને ના ખબર હોય કેમ કે એ કરોડપતિ છે : હાર્દિક પટેલ

**પાટીદાર અનામત આંદોલનથી લેઉઆ પાટીદારની દીકરીને મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું કહીને ઉદ્યોગપતિ કરસનભાઈ પટેલે સીધી રીતે આંદોલનકારીઓ પર ઠીકરું ફોડ્યું**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૬ ।

ગુજરાતના પાટીદાર અનામત આંદોલનથી સમાજને કશું મળ્યું નથી. પાટીદાર અનામત આંદોલન પર આ વિસ્ફોટક નિવેદન આપ્યું છે ઉદ્યોગપતિ કરસનભાઈ પટેલે. જી હા, અનામત આંદોલનનાં ૧૦ વર્ષ બાદ પહેલીવાર ઉદ્યોગપતિ કરસન પટેલે અનામત આંદોલનકારીઓ સામે આડકતરી રીતે સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, પાટીદાર અનામત આંદોલન કરનારાઓએ રાજકીય રોટલા શેક્યા છે. પાટીદાર અનામત આંદોલનથી કશું મળ્યું નથી. એટલું જ નહીં, પાટીદાર અનામત આંદોલનથી લેઉઆ પાટીદારની દીકરીને મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું હોવાનું કહીને ઉદ્યોગપતિ કરસનભાઈ પટેલે સીધી રીતે આંદોલનકારીઓ પર ઠીકરું ફોડ્યું



છે. આ સાથે જ તેમણે બેધડક રીતે કહ્યું કે, અનામત આંદોલનમાં પાટીદાર યુવાનો શહીદ થયા અને ઉપરથી લેઉવા પાટીદારની દીકરીનું ઝસ પદ ગયું. તેમણે આંદોલનકારીઓની નિયત સામે સવાલ ઉઠાવતાં કહ્યું કે, પાટીદાર આંદોલન અનામતનું હતું કે કોઈના કારનામાનું હતું? આજે પાટણમાં તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ હતો તેમાં પદ્મશ્રી કરસનભાઈ પટેલે આ વિસ્ફોટક નિવેદન આપ્યું છે. આ વિવાદ અંગે વિરમગામના ધારાસભ્ય અને આંદોલનનો યુવા ચહેરો હાર્દિક પટેલે કહ્યું કે, પાટીદાર અનામત આંદોલનથી સમાજને શું મળ્યું એ કરસનભાઈને ના ખબર હોય કેમ કે એ કરોડપતિ છે અને આ આંદોલન ગરીબ પાટીદાર પરિવારો માટે હતું. આંદોલનના કારણે માત્ર પાટીદાર સમાજ જ નહીં, પરંતુ દરબાર, બ્રાહ્મણ, લુહાણા અને જેમને અનામતનો લાભ નહતો મળતો. એવી ૫૦ થી વધુ જ્ઞાતિને ૧૦૦૦ કરોડની યુવા સ્વાવલંબન યોજના મળી. બિન અનામત આયોગ અને નિગમ મળ્યું તેમજ આર્થિક નબળા પાટીદારોને ૧૦ % અનામત મળી. છેલ્લા ૩/૪ વર્ષમાં હજારો યુવાનો આ યોજનાના કારણે મફતમાં ભણી રહ્યા છે અને નોકરીએ લાગી રહ્યા છે. કરસનભાઈ જેવા અનેક એવા આગેવાનો છે જે પાટીદાર સમાજને કડવા-લેઉવામાં વેચી રહ્યા છે. આવા આગેવાનોને ઓળખવાની જરૂરી છે કેમ કે આ આગેવાનો સમાજની એકજૂટતા નથી જોઈ શકતા, સમાજ એક થાય તો આવા આગેવાનોનો મોભો દબાઈ જાય છેપાટીદાર અનામત આંદોલનને લઈને કરસન પટેલના નિવેદનનો મામલો છેક સૌરાષ્ટ્ર સુધી પહોંચ્યો છે. પૂર્વ ધારાસભ્ય અને પાટીદાર આગેવાન લલિત કગથરાએ જણાવ્યું કે, ઉદ્યોગપતિ કરસનદાસને ૧૦ વર્ષે હિસાબ યાદ આવ્યો. કરસન પટેલને યાદ આવ્યું કે પાટીદાર આંદોલનથી કાંઈ મળ્યું નથી. કેશુભાઈ પટેલને મુખ્યમંત્રી પદેથી હટાવ્યા ત્યારે કેમ કરસન પટેલ ન બોલ્યા અને હવે આનંદીબેનનું યાદ આવ્યું. કરસનભાઈએ કહ્યું, આંદોલનથી પાટીદાર દીકરીએ ઝસ્નું પદ ગુમાવ્યું. પરંતુ પાટીદાર આંદોલનથી સમાજને જાગૃત થયો. હા હું પોતે જ પાટીદારોના મતથી કોંગ્રેસમાં ધારાસભ્ય બન્યો હતો.

## સુરતમાં સૌથી ઊંચી ઈમારત બનશે ૨૮ માળનું ટ્વીન ટાવર બનશે


। પ્રતિનિધિ, સુરત, તા.૬ ।

સુરત શહેરમાં દેશની સૌથી ઊંચી વહીવટી ઈમારત બની રહી છે. ૨૭ માળના બે ટ્વીન ટાવર્સ ૩૫ ટકા જેટલી કામગીરી પૂર્ણ કરી ચુક્યો હોવાનું જાણવા મળ્યું છે. બિલ્ડીંગનું બાંધકામ ઝડપથી પૂર્ણ થઈ રહ્યું હોવાના અહેવાલ છે. પીએમ મોદીએ પણ કેટલાક સૂચનો આપ્યા છે, જેમાં અમુક ફેરફારો કરાયા છે. આ પ્રોજેક્ટ ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલના ધોરણો પર આધારિત છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કચેરીઓ એક જ સ્થળે કાર્યરત રહેશે. નાગરિકોનો સમય બચશે.આ ઈમારત ૧૦૭.૬ મીટર ઊંચી અને ૨૮ માળની હશે. સાથે ભૂકંપ પ્રૂફ અને સાયક્લોન પ્રૂફ ડિઝાઈન અને સિક્યોરિટી-CCTV સર્વેલન્સ રૂમથી સજ્જ રહેશે. હજેમાં બે ટ્વીન ટાવરો હશે, જે શહેરના વિકાસ અને વહીવટી ક્ષમતામાં સુધારો લાવવામાં મદદરૂપ રહેશે. આ ટ્વીન ટાવર સંપૂર્ણ રીતે ગ્રીન બિલ્ડિંગ છે, ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ ધોરણો અનુસાર ડિઝાઈન, એસટીપી ટ્રીટેડ પાણીનો પુનઃઉપયોગ કરીને ૩૫% પાણીની બચત, સોલર પેનલથી ૬-૭% વીજળીની બચત થશે.તમામ સરકારી કચેરીઓ એક જ સ્થળે લાવવાથી પ્રવેશદારી સરળતા અને પ્રશાસન કાર્યક્ષમતા વધશે.

### વિશ્વના ઘણા દેશોમાં ભૂકંપની ઘટનાઓને કારણે ભારે નુકસાન થયું

# વલસાડમાં ૩.૭ની તીવ્રતા સાથે આવ્યા ભૂકંપના આંચકા । લોકો ભયભીત થઈ ગયા

। પ્રતિનિધિ, વલસાડ,તા.૬ ।



વિશ્વના ઘણા દેશોમાં ભૂકંપની ઘટનાઓને કારણે ભારે નુકસાન થયું છે. ભારતના ઘણા રાજ્યોમાં ભૂકંપની ઘટનાઓ સતત જોવા મળી રહી છે. ત્યારે ફરી એકવાર ગુજરાતના વલસાડમાં ભૂકંપના આંચકાના સમાચાર સામે આવ્યા છે. વહેલી સવારે ભૂકંપના આંચકાથી લોકો ભયભીત થઈ ગયા હતા. લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ૩.૭ની તીવ્રતા સાથે ભૂકંપ આવતા કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. હાલના સમયમાં દેશ અને દુનિયાના ઘણા વિસ્તારોમાં ભૂકંપની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. વાસ્તવમાં, આપણી પૃથ્વીની અંદર ૭ ટેકટોનિક પ્લેટો છે. આ પ્લેટો પોતાની જગ્યાએ સતત ફરતી રહે છે. જો કે, ક્યારેક સંઘર્ષ અથવા ઘર્ષણ થાય છે. આ કારણથી ધરતી પર ભૂકંપની ઘટનાઓ જોવા મળે છે. વિશ્વના ઘણા દેશોમાં ભૂકંપની ઘટનાઓને કારણે ભારે નુકસાન થયું છે. ભારતના ઘણા રાજ્યોમાં ભૂકંપની ઘટનાઓ સતત જોવા મળી રહી છે. ત્યારે ફરી એકવાર ગુજરાતના વલસાડમાં ભૂકંપના આંચકાના સમાચાર સામે આવ્યા છે.

## સુરતમાં ૨૫ વર્ષીય સ્ટેટ લેવલ કબડ્ડીના ખેલાડીનું રહસ્યમય મોત

। પ્રતિનિધિ, સુરત,તા.૬ ।

શહેરના પાલ વિસ્તારમાં રહેતો અને સ્ટેટ લેવલમાં કબડ્ડીના ખેલાડીનું રહસ્યમય મોતને લઈને પરિવાર આઘાતમાં સરી ગયું છે. કારણ કે, માત્ર ૨૫ વર્ષનો યુવક જીમથી આવ્યા બાદ ઘરે સોફા પર બેઠા બાદ ઢળી પડ્યો હતો અને મોડી સાંજે પરિવાર ઘરે પહોંચતા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જો કે, પોલીસે હાલ આ મામલે યુવકનો પીએમ કરાવવા સિવિલ ખાતે મૃતદેહ ખસેડી આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.બનાવની વિગતો જોઈએ તો, સુરતના પાલ સિદ્ધિવિનાયક એપાર્ટમેન્ટના એક ફલેટમાંથી સ્ટેટ લેવલના કબડ્ડી ખેલાડીનું મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. ૨૫ વર્ષીય જય મુકુલભાઈ પ્રજાપતિ ટ્રેડમાર્ક રજીસ્ટ્રેશનના કામકાજ સાથે સંકળાયેલો હતો. પરિવારમાં માતા ડાયમંડમાં કામ કરે છે અને પિતા ફર્નિચરમાં કામ કરે છે. સવારે નિત્યક્રમ પ્રમાણે જય જીમમાં ગયા બાદ ઘરે આવી ચાનો કપ લઈ હોલમાં આવેલા સોફા પર બેઠો હતો.

## અમદાવાદમાં એમડી ડ્રગ્સ સાથે બે આરોપી ઝડપાયા, આરોપી રાજસ્થાનના રહેવાસી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં એમડી ડ્રગ્સના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે.એસઓજીની ટીમે માહિતીને આધારે નારોલમાંથી આરોપીઓને ઝડપી લીધા હતા. તેમની પાસેથી પોલીસે ૪ લાખ રૂપિયાની કિંમતનો ૪૦ ગ્રામ ડ્ગર્સનો જથ્થો કબજે કર્યો હતો.તપાસમાં આરોપીઓ રાજસ્થાનથી ડ્રગ્સ લાવ્યા હોવાનું બહાર આવ્યું હતું. અમદાવાદમાં એમડી ડ્રગ્સના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે.એસઓજીની ટીમે માહિતીને આધારે નારોલમાંથી આરોપીઓને ઝડપી લીધા હતા. તેમની પાસેથી પોલીસે ૪ લાખ રૂપિયાની કિંમતનો ૪૦ ગ્રામ ડ્ગર્સનો જથ્થો કબજે કર્યો હતો.તપાસમાં આરોપીઓ રાજસ્થાનથી ડ્રગ્સ લાવ્યા હોવાનું બહાર આવ્યું હતું. અમદાવાદમાં એમડી ડ્રગ્સના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે.



## અસલી સરકારી અધિકારી પર રોબ ઝાડે

# નવસારીમાં અસલી સરકારી અધિકારીએ નકલીની પોલ ખોલી । ૪૦ લાખનો ફ્રોડ કરનારની ધરપકડ

### નિતેશ ચૌધરીની અયોગ્ય ભલામણો મળ્યા બાદ પ્રાંત અધિકારીએ તેની વાસ્તવિક ઓળખ તપાસી હતી

। પ્રતિનિધિ, નવસારી, તા.૬ ।

બનાવટ કરનારાઓની હિંમત એટલી વધી ગઈ છે કે હવે તેઓ નકલી સરકારી અધિકારી હોવાં છતાં અસલી સરકારી અધિકારી પર રોબ ઝાડે છે. ચીફ મિનિસ્ટર ઓફિસના નકલી અધિકારી બનીને સરકારી અધિકારી પાસેથી ખોટું કામ કરાવવું જવું ભારે પડી ગયું છે. નવસારીમાં નિતેશ ચૌધરી નામના વ્યક્તિએ સીએમઓમાં કામ કરતા હોવાનું નાટક કર્યું હતું. એક વર્ષથી તે પ્રાંત અધિકારી જનમ ઠાકોરને ફોન કરીને વિવિધ કામોમાં દખલગીરી કરવા દબાણ કરતો હતો.'હું મુખ્યમંત્રી કાર્યાલયમાંથી બોલું છું અને સાહેબનો વિશ્વાસુ છું' એમ કહીને તે જમીનના એક કેસમાં પ્રાંત અધિકારી પાસે મદદ માંગતો હતો. નિતેશ ચૌધરીની અયોગ્ય ભલામણો મળ્યા બાદ પ્રાંત અધિકારીએ તેની વાસ્તવિક ઓળખ તપાસી હતી. તપાસમાં જાણવા મળ્યું કે તે બારડોલીના





મોટી ગામનો વતની છે અને તેને મુખ્યમંત્રી કાર્યાલય સાથે કોઈ સંબંધ નથી. પોલીસ ફરિયાદ બાદ તેની ધરપકડ કરવામાં આવી છે. જમીનના વિવાદમાં કૌભાંડીએ રૂ.૪૦ લાખની ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે.

જનમ ઠાકોર એક વર્ષથી વધુ સમયથી નવસારી પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવે છે. તેઓ ફેબ્રુઆરી ૨૦૨૩ થી ઓક્ટોબર ૨૦૨૩ દરમિયાન બારડોલી ખાતે પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે નિતેશ ચૌધરી નામના વ્યક્તિએ, પોતાને મુખ્યમંત્રી કાર્યાલયમાં કામ કરતા કર્મચારી તરીકે ઓળખાવતા, તેમને ગુજરાત જમીન સંપાદન પ્રતિબંધ અધિનિયમ ૨૦૨૦ હેઠળ કોઈની સામે ફરિયાદ નોંધાવવાનું કહ્યું હતું. ફોન પર. ત્યારે પ્રાંત અધિકારીને ફોન પર આરોપીઓ પર શંકા જણાઈ ન હતી અને આ મામલે કાનૂની સલાહ પ્રાંત અધિકારી દ્વારા ફોન પર આપવામાં આવી હતી.નિતેશ ચૌધરીએ ફરીથી પ્રાંત અધિકારી જનમ ઠાકોરને ૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ ફોન કર્યો અને કહ્યું કે નવસારી તાલુકાના ગણેશ સિસોદ્રા ગામમાં જમીનનો કેસ ચાલી રહ્યો છે અને તે કલેક્ટર અને પ્રાંત અધિકારી સાથે મળીને આ કેસનો ઉકેલ લાવશે, અને કેટલાક વ્યક્તિઓએ આ જમીનનો કેસ લીધો છે.

## અમરેલી લેટર કાંડનો મામલો ગરમયો

# 'દીકરીને ન્યાય અપાવી ન શકતા ઈટાલિયાએ જાહેરસભાના મંચ પર જાતે જ પટ્ટા માર્યા'

। પ્રતિનિધિ, અમરેલી,તા.૬ ।

અમરેલી લેટર કાંડનો મામલો ગરમાઈ રહ્યો છે. આ બનાવમાં એક યુવતીની ધરપકડ કરીને તેનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. જેને પગલે રાજ્યભરમાં રાજકીય ગરમાવા સાથે ખળભળાટ મચી ગયો હતો. દરમિયાન આમ આદમી પાર્ટી દ્વારા આજે મીની બજાર ખાતે જાહેર સભાનો આયોજન કરવામાં આવ્યું હતું. જનસભામાં મોટી સંખ્યામાં રત્ન કલા-કારો હીરા દલાલો તેમજ અન્ય લોકો જોડાયા હતા. તેમજ આમ આદમી પાર્ટીના નેતાઓ પણ હાજર રહ્યા હતા. ગોપાલ ઈટાલીયા જનસભા ને સંબોધતી વખતે એવું કર્યું કે સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા.અમરેલી લેટર કાર્ડ ની અંદર જે યુવતી ની ધરપકડ કરવામાં આવી હતી ત્યારબાદ તેનો સરઘસ કાઢવામાં આવ્યા હોવાની વાત સાથે રાજ્યભરમાં રાજકીય ગરમાવો આવી ગયો હતો. યુવતીને જામીન મળ્યા બાદ નિવેદન આપતા કહ્યું હતું કે મને પોલીસ દ્વારા પટ્ટાથી માર મારવામાં આવી હતી. લેટર કાર્ડમાં જે સીધી રીતે આરોપી ન હોવા છતાં પણ તેની સાથે પોલીસ દ્વારા જે કૃત્ય કરવામાં આવ્યું છે તેની દુનિયા હોવાનું કહીને ગોપાલ ઈટાલીયા દ્વારા જાહેર સભાના મંચ ઉપર પોતાનો પટ્ટો કાઢીને પ ોતાને મારવાનું શરૂ કરી દીધું હતું તેમણે માફી માંગતા કહ્યું હતું કે હું આ દીકરીને ન્યાય અપ ાવી શક્યો નથી તેથી હું પટ્ટા મારી ને પોતાની જાતને સજા આપું છું.ગોપાલ ઈટાલિયાએ જનસભામાં જણાવ્યું હતું કે, પોતે અનેક ઘટનામાં કાયદાકીય, સામાજિક અને રાજ-કીય લડાઈ લડતા આવ્યા છે પરંતુ ભાજપના રાજમાં અધિકારી અને નેતાઓની ભ્રષ્ટ સાંઠ-ગાંઠના કારણે કોઈને ન્યાય મળી શક્યો નથી. ગુજરાતમાં લઠ્ઠાકાંડમાં, જસદણ બળાત્કાર, મોરબીકાંડ, અગ્નિકાંડ, સરઘસકાંડ, હરણી બોટકાંડ, પેપરલીકકાંડ જેવી અનેક ઘટનાઓ ગોપાલ ઈટાલીયા લડાઈ લડ્યા પરંતુ ન્યાય ન અપાવી શક્યા તેની માફી માંગતા માંગતા ઈટાલીયાએ સ્ટેજ પરથી પોતાને પટ્ટાથી માર મારીને સજા કરી હતી.અમરેલીની નિર્દોષ દીકરીને અમરેલી પોલીસે બેરહમીથી છ પટ્ટા માર્યા હતા ત્યારે ગોપાલ ઈટાલીયાએ ન્યાય ન અપાવી શક્યા તે બદલ પોતાને જ પટ્ટા મારીને સજા કરેલ હતી. ગુજરાતની જનતાનો આત્મા ઊંઘી ગયો છે.

# સુરતમાં ૨૫ વર્ષીય સ્ટેટ લેવલ કબડ્ડીના ખેલાડીનું રહસ્યમય મોત

। માહિતી બ્યુરો, સુરત, તા.૬ ।

શહેરના પાલ વિસ્તારમાં રહેતો અને સ્ટેટ લેવલમાં કબડ્ડીના ખેલાડીનું રહસ્યમય મોતને લઈને પરિવાર આઘાતમાં સરી ગયું છે. કારણ કે, માત્ર ૨૫ વર્ષનો યુવક જીમથી આવ્યા બાદ ઘરે સોફા પર બેઠા બાદ ઢળી પડ્યો હતો અને મોડી સાંજે પરિવાર ઘરે પહોંચતા યુવકનો મૃ તદેહ મળી આવ્યો હતો. જો કે, પોલીસે હાલ આ મામલે યુવકનો પીએમ કરાવવા સિવિલ ખાતે મૃ તદેહ ખસેડી આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.બનાવની વિગતો જોઈએ તો, સુરતના પાલ સિદ્ધિવિનાયક એપાર્ટમેન્ટના એક ફ્લેટમાંથી સ્ટેટ લેવલના કબડ્ડી ખેલાડીનું મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. ૨૫ વર્ષીય જય મુકુલભાઈ પ્રજાપતિ ટ્રેડમાર્ક રજીસ્ટ્રેશનના કામકાજ સાથે સંકળાયેલો હતો. પ રિવારમાં માતા ડાયમંડમાં કામ કરે છે અને પિતા ફર્નિચરમાં કામ કરે છે. સવારે નિત્યક્રમ પ્રમાણે જય જીમમાં ગયા બાદ ઘરે આવી ચાનો કપ લઈ હોલમાં આવેલા સોફા પર બેઠો હતો અને અચાનક તે ઢળી પડ્યો હતો.પરિવાર સાંજે આવ્યા બાદ યુવક મૃતક અવસ્થામાં સોફા પર મળી આવતા બુમાબૂમ કરતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ડોક્ટરને બોલાવવામાં આવ્યા હતા. જોકે, તબીબો અને ૧૦૮ની ટીમે આ યુવકને મૃત જાહેર કરતા પરિવારજન શોકમાં ગરકાવ થઈ ગયું હતું.







## તંત્રી લેખ...

# વિકાસ માટેની કિંમત

વિશ્વમાં એકબીજાથી આગળ નિકળવા માટેની ગળાકાપ સ્પર્ધાના કારણે ઊભારે નુકસાન થઈ રહ્યુ છે. માનવી આના માટે ધરતીના સંશાધનોને એટલી ઝડપથી ખતમ કરી રહ્યો છે કે તેની ક્ષતિપૂર્તિ કરવાની બાબત તેના માટે શક્ય જ નથી. આ બાબતને અમે સિદ્ધાંતની દ્રષ્ટિથી પહેલાથીજ જાણીએ છીએ. જો કે આંતરરાષ્ટ્રીય રિસર્ચ સંગઠન ગ્લોબલ ફુટપ્રિન્ટ નેટવર્ક દ્વારા વાજબી અને સત્તાવાર રીતે ગણતરી કરીને હવે કહ્યુ છે કે વિચાર કર્યા વગર આડેધડ સંશાધનોના ઉપયોગના કારણે પૃથ્વીના સંશાધનોને અમે ઝડપથી ખતમ કરી રહ્યા છીએ. આ સંશાધનો હવે ખતમ થવાની નજીક છે. આ તારીખ પણ હવે નજીક પહોંચી રહી છે. જીએફએનના પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે પૃથ્વી દર વર્ષે પોતાના સંશાધનોના કેટલાક હિસ્સાને પુનિર્મિત કરી શકે છે. સાથે સાથે માનવી તેની આ ક્ષમતા કરતા કેટલા વધારે પ્રમાણમાં સંશાધનોનુ નુકસાન કરી રહ્યા છે. આ સિલસિલો ૧૯૭૦ના દશકથી શરૂ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદના કેટલાક અપવાદના વર્ષોને બાદ કરતા દર વર્ષે ઉલ્લંઘનની હદ વધી રહી છે. ૨૦ વર્ષ પહેલા સ્થિતી એ હતી કે વર્ષ ભરના સંશાધનો ના ક્વોટાને ૩૦મી સપ્ટેમ્બરના દિવસે પૂર્ણ થઈ જતા હતા. આ તારીખને ઓવરશુટ ડે તરીકે ગણવામાં આવે છે. દસ વર્ષમાં આ તારીખ હવે ખસીને ૧૫મી ઓગષ્ટ સુધી પહોંચી ગઈ છે. આ વર્ષે ગયા વર્ષની તુલનામાં બે દિવસ પાછળ છે અને તારીખ પહેલી ઓગષ્ટ થઈ ગઈ છે. એટલે કે સાલના બાકીના પાંચ મહિનામાં જે સંશાધનોનો ઉપયોગ કરવામાં આવશે તે સંશાધન ભવિષ્ય માટે લેવામાં આવનાર સંશાધન તરીકે રહેશે. કહેવા માટેની કોઈ જરૂર નથી કે ભવિષ્યની કિંમતપર વર્તમાનને ચકાચક બનાવી રાખવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ વૃતિ સર્વનાશના પળને ઝડપથી અમારી નજીક લાવી રહી છે. સારી બાબત એ છે કે આ પ્રક્રિયા હજુ સુધી બેકાબુ થઈ નથી. સાવધાનીપૂર્વક જો આગળ વધવામાં આવે તો આ ગતિવિધીને રોકી શકાય છે. કારણ કે સંશાધનોનો ઉપયોગ સીધી રીતે અમારા વિકાસ સાથે અને તેની ગતિ સાથે જોડાયેલા છે. જેથી જેમ જ વિકાસની ગતિ કોઈ કારણસર ધીમી પડે છે ત્યારે આ મોરચે રાહત મળવા લાગી જાય છે. વર્ષ ૨૦૦૭-૦૮ની મંદીના કારણે ઓવરશુટ ડેને પાંચ દિવસ આગળ ધકેલી દેવામાં સફળતા મળી હતી. પરંતુ કયાં દેશની કઈ સરકાર મંદીને આમંત્રણ આપવા ઈચ્છશે. રોજી રોજગાર, કામ ધંધા, વિકાસ તો તમામ લોકોને જોઈએ છે. પરંતુ સરકારો જીડીપીની ગણતરી કરતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખે તે જરૂરી છે. સંશાધનોનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તે સમયની જરૂરિયાત છે.



**ભૌતિક માળખાં ગ્રામીણ ગતિશીલતામાં એક નવી વાર્તા લખી રહ્યું છે**

**ખેડૂતોની આવક વધારવા અને ગ્રામીણ આજીવિકામાં નોંધપાત્ર સુધારો કરવાના સંદર્ભમાં લેવામાં આવે છે, અમારું અનુમાન છે કે ઉચ્ચ આવકવાળા રાજ્યો કરતાં ઓછી આવકવાળા રાજ્યોમાં ખાદ્ય ફુગાવો વપરાશની માંગને વધુ અસર કરે છે**

# ગ્રામીણ ગરીબીમાં ઘટાડો એસબીઆઇ સંશોધનવપરાશ ખર્ચ સર્વેક્ષણ દર્શાવે છે કે ગ્રામીણ ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થયો

**ગ્રામીણ ગરીબીના ગુણોત્તરમાં તીવ્ર ઘટાડો નોંધપાત્ર સરકારી સમર્થન સાથે તળિયે ૦-૫% ડેસીલના ઊંચા વપરાશ વૃદ્ધિને કારણે છે**

ગ્રામીણ ગરીબીમાં ઘટાડો એસબીઆઈ સંશોધનવપરાશ ખર્ચ સર્વેક્ષણ દર્શાવે છે કે ગ્રામીણ ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેનો અંદાજ હ્લરૂ૨૪ માં ૪.૮૬% છે શહેરી ગરીબી ૪.૦૯% હોવાનો અંદાજ છે ૨૦૧૧-૧૨માં ૧૩.૭)... એકંદરે ગરીબી સ્તર હવે ૪-૪.૫% છે .... ગ્રામીણ ગરીબીના ગુણોત્તરમાં તીવ્ર ઘટાડો નોંધપાત્ર સરકારી સમર્થન સાથે તળિયે ૦-૫% ડેસીલના ઊંચા વપરાશ વૃદ્ધિને કારણે છે અને આવા સરકારી સમર્થન મહત્વપૂર્ણ છે કારણ કે આપણે એ પણ શોધીએ છીએ કે ખાદ્યપદાર્થોના ભાવમાં ફેરફાર માત્ર એટલું જ નહીં. ખાદ્ય ખર્ચ પર નોંધપાત્ર અસર, પરંતુ સામાન્ય રીતે એકંદર ખર્ચ પર પણ... નવા કાપથી નવેમ્બર ૨૦૨૪માં કોર ફુગાવામાં ૫૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો...અંક ૨૪, નાણાકીય વર્ષ ૨૫, ૦૩ જાન્યુઆરી ૨૦૨૫સારાંશ૨૦૨૩-૨૪ના ખંડિત વિતરણના આધારે,



ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીનું પ્રમાણ FY૨૪માં ૪.૮૬% અને શહેરી વિસ્તારોમાં ૪.૦૯% છેપ આ હ્લરૂ૨૨ની ગ્રામીણ ગરીબી ૭.૨% અને શહેરી ગરીબી ૪.૬% કરતા વધારે છે. અપેક્ષા કરતા ઘણું ઓછું...૨૦૨૧ની વસ્તીગણતરી પૂર્ણ થયા પછી અને ગ્રામીણ શહેરી વસ્તીનો નવો હિસ્સો પ્રકાશિત થયા પછી આ સંખ્યામાં થોડો ફેરફાર થવાની શક્યતા છે. અમે માનીએ છીએ કે શહેરી ગરીબી વધુ ઘટાડી શકાય છે. એકંદર સ્તરે, અમે માનીએ છીએ કે ભારતમાં ગરીબીનો દર હવે ૪%-૪.૫% ની વચ્ચે હોઈ શકે છે, અત્યંત ગરીબી લગભગ ન્યૂનતમ છે.સુધારેલ ભૌતિક માળખાં ગ્રામીણ ગતિશીલતામાં એક નવી વાર્તા લખી રહ્યું છે... ગ્રામીણ અને શહેરી અને ગ્રામીણ આવક જૂથોમાં ઊભી આવકના તફાવતમાં ઝડપથી ઘટાડો થવાનું એક કારણ છે. ગ્રામીણ અને શહેરી માસિક માથાદીઠ વપરાશ ખર્ચ/ MPCE અને ગ્રામીણ MPCE વચ્ચેનો તફાવત હવે ૬૯.૭% છે, જે ૨૦૦૯-૧૦માં ૮૮.૨%થી તીવ્ર ઘટાડો છે... મુખ્યત્વે સરકાર દ્વારા હ્મ્ટ્રાન્સફરને કારણે, ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ એક પહેલ છે. ખેડૂતોની આવક વધારવા અને ગ્રામીણ આજીવિકામાં નોંધપાત્ર સુધારો કરવાના સંદર્ભમાં લેવામાં આવે છે. અમારું અનુમાન છે કે ઉચ્ચ આવકવાળા રાજ્યો કરતાં ઓછી આવકવાળા રાજ્યોમાં ખાદ્ય ફુગાવો વપરાશની માંગને વધુ અસર કરે છે, જે દર્શાવે છે કે ઓછી આવકવાળા રાજ્યોમાં ગ્રામીણ લોકો તુલનાત્મક રીતે ખોરાક પર વધુ નિર્ભર છે.અમે નવા વજનને કારણે નવેમ્બર ૨૦૨૪માં ફુગાવો ૫.૦% વિરુદ્ધ ૫.૫% રહેવાનો અંદાજ લગાવીએ છીએ...મોટાભાગના ઉચ્ચ આવક ધરાવતા રાજ્યોમાં બચત દર રાષ્ટ્રીય સરેરાશ (૩૧%) કરતા વધારે છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં બચતના દરો ઓછા છે, કદાચ વધુ બહાર-સ્થળાંતરને કારણે.ગરીબી અને અસમાનતાની અસરવર્ષ ૨૦૨૩-૨૪ માટે ગરીબી ગુણોત્તર અંદાજ
૨૦૧૧-૧૨થી શરૂ કરીને ગ્રામીણ વિસ્તારમાં ગરીબી રેખા રૂ. ૮૧૬ અને શહેરી વિસ્તારમાં રૂ. ૧૦૦૦ અંદાજવામાં આવી હતી, નવી ગરીબી રેખા દ્વજીર્જી અહેવાલમાંથી મેળવેલા દાયકાના ફુગાવા અને આરોપણ પરિબળો માટે ગોઠવવામાં આવી હતી.વર્ષ ૨૦૨૩-૨૪માં નવી અંદાજિત ગરીબી રેખા ગ્રામીણ વિસ્તારોમાં રૂ. ૧૬૩૨ અને શહેરી વિસ્તારોમાં રૂ. ૧૯૪૪ છે.ગરીબી ગુણોત્તરનો નવો અંદાજ સંબંધિત અસ્થિર વર્ગના રેખીય પ્રક્ષેપ દ્વારા મેળવવામાં આવે છે જેમાં તે આવે છે૨૦૨૩-૨૪ના ખંડિત વિતરણના આધારે, આરોપણ પરિબળને અવગણીને, ગરીબીનો નમૂનો ગુણોત્તર ગ્રામીણ વિસ્તારોમાં ૪.૮૬% અને શહેરી વિસ્તારોમાં ૪.૦૯% છે.ગ્રામીણ ગરીબી ગુણોત્તરમાં ઘટાડો એ ૦-૫% ડેસીલમાં ઉચ્ચ વપરાશ વૃદ્ધિને કારણે છે, જેના પરિણામે ગરીબી રેખા ૨૦૨૨-૨૩ માં ૫-૧૦%થી વધીને ૨૦૨૩-૨૪માં ૦-૫% થઈ જશે.ગ્રામીણ અને શહેરી સ્થાનિક પ્રતિ વ્યક્તિ ઉપભોગ વ્યય/એમપીસીઈ થી ગ્રામીણ એમપીસીઈ વચ્ચેનું અંતર હવે ૬૯.૭% છે

## હાલના સમયમાં યુવા વર્ગમાં પણ હાર્ટ રોગ સંબંધિત કેસો સતત વધી રહ્યા છે

ખરાબ લાઈફસ્ટાઈલના કારણે આધુનિક સમયમાં હાર્ટ સંબંધિત દર્દીઓના કેસમાં વધારો થઈ રહ્યો છે. ખરાબ લાઈફસ્ટાઈલના કારણે યુવાનો પણ હાર્ટના રોગના શિકાર થઈ રહ્યા છે. દિલ્હીમાં પટપડગંજમાં સ્થિત મેક્સ હોસ્પિટલના હાર્ટના નિષ્ણાંત તબીબના કહેવા મુજબ ખરાબ લાઈફસ્ટાઈલ ઘાતક બની રહી છે. ખરાબ લાઈફસ્ટાઈલ અને અવ્યવસ્થિત રીતના કારણે દર્દીઓ પરેશાન થયેલા છે. દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા આને લઈને ચિંતા વધી રહી છે. શહેર અને ગ્રામીણ વિસ્તારમાં એક સમાન તકલીફ વધી રહી છે. એવુ પણ જાણવા મળી રહ્યુ છે કે યુવા વર્ગમાં ખતરો સતત વધી રહ્યો છે. પુરૂષ અને મહિલા બન્ને માટે આ બાબત ખતરનાક બનેલી છે. નિષ્ણાત તબીબો કહે છે કે સૌથી વધુ મોત દુનિયામાં હાર્ટ અટેક અને હાર્ટ ફેલ થવાના કારણે થાય છે. વિશ્વભરમાં આશરે ૧.૭૦ લાખ લોકોના મોત હાર્ટની બિમારીના કારણે થાય છે. આવી જ રીતે ભારતમાં ૩૦ લાખ લોકોના મોત સીવીડી કાર્ડિઓ વેસ્ક્યુલર બિમારીના કારણે થાય છે. જેમાં હાર્ટ અટેક અને હાર્ટ સ્ટ્રોક પણ સામેલ છે. નિષ્ણાંત તબીબો કહે છે કે સામાન્ય રીતે વ્યસ્ત રહેલી લાઈફસ્ટાઈલના કારણે યુવા શારરિક ગતિવિધી પર વધારે ધ્યાન આપી શકતા નથી. જેના કારણે કાર્ડિયોવેસ્કુયલર ડીસિઝ, ટાઈપ બે ડાયાબિટીસ અને સ્થુળતા જેવી બિમારીનો ખતરો બે ગણો રહે છે. તે હાઈ બ્લડ પ્રેશર લિપિડ લેવલ્સને પણ વધારી દે છે. જે સીધી રીતે હાર્ટની બિમારી સાથે જોડાયેલ રહે છે. હાથમાં જુદા જુદા પ્રમાણમાં બ્લડપ્રેશરના સીધા સંબંધ હાર્ટ એટેકના ખતરા સાથે છે. ડાબા હાથમાં રહેનાર બ્લડપ્રેશર જમણા હાથ કરતાં અલગ છે તો હાર્ટ એટેક અથવા તો સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો રહેલો છે. આજે પ્રકાશિત કરવામાં આવેલા નવા લેન્ડસેટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે હાથની વચ્ચે જુદા જુદા બ્લડપ્રેશરનું પ્રમાણ વેસક્યુલર રિસ્ક અને મોત વચ્ચે સીધા સંબંધ ધરાવે છે. આ પ્રકારના તારણો બંને હાથના બ્લડપ્રેશરની ચકાસણી માટે કરવામાં આવતી વાતને સમર્થન આપે છે.



**ઓફિસમાં લાંબા સમય સુધી બેસતા લોકોને આવરીને અભ્યાસ...**

**લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની સ્થિતીમાં પેરામાં વિકલાંગતા પણ આવી શકે છે આ અભ્યાસના તારણ ઇંગ્લેન્ડની લિવરપુલ જહોન મુરે યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવ્યા છે**

# લાંબા સમય બેસવાથી મેમરી લોસ

**લાંબા સમય સુધી બેસતા લોકોના દિમાગના આરોગ્યને નુકસાન થાય છે : સતત બેસી રહેવાની બાબત સ્મોકિંગ જેમ જ ખુબ ખતરનાક છે**

જો તમે ઓફિસ પર સિટિંગ જોબ કરી રહ્યા છો તો તમને થોડીક સાવધાની રાખવાની જરૂર છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાની સ્થિતીમાં કેટલાક નુકસાન રહેલા છે. આના કારણે મેમરી નોસ પણ થઈ શકે છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની નોકરીના કારણે દિમાગમાં લોહીના સંચારને ધીમે કરી દેવામાં ભૂમિકા અદા કરે છે. તેના પરિણામ ખુબ ઘાતક હોઈ શકે છે. હાલમાં ઓફિસમાં કલાકો સુધી એક જગ્યા બેસીને કામ કરનાર લોકોને આવરી લઈને અભ્યાસ કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. જે ઘાતક છે. તેમાં કહેવામાં આવ્યુ છે કે લાંબા સમય સુધી બેઠા રહેવાની બાબત દિમાગના આરોગ્ય માટે નુકસાનકારક છે. પરંતુ જો વચ્ચેના ગાળામાં અડધા કલાક ઉભા થઈને બે મિનિટ માટે ફરી તો તેના કારણે ફાયદો થાય છે. જેના કારણે દિમાગમાં લોહીના સંચારમાં



વધારો થાય છે. દિમાગમાં લોહી સંચાર થવાની બાબત સામાન્ય પ્રક્રિયા તરીકે છે. જે લાઈફ માટે ખુબ જ જરૂરી છે. તેના કારણે જ બ્રેઈન ઓળખવાનુ કામ કરે છે. દિમાગની કોશિકાને પણ લોહી અને ઓક્સીજન તેમજ પોષક તત્વોની જરૂર હોય છે. જે લોહીના કારણે તેને મળે છે. આ ઉપરાંત દિમાગમાં કેટલીક અન્ય રક્ત વાહીનિ પણ હોય છે. જે માથાને લોહી પહોંચાડી દેવાનુ કામ કરે છે. પરંતુ લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહીને કામ કરવાની સ્થિતીમાં નુકસાન થાય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાની સ્થિતીમાં આ પ્રક્રિયાને અસર થાય છે. આના પહેલા માનવી અને પ્રાણીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દિમાગમાં જો લોહીના સંચારમાં થોડીક પણ અડચણો આવે તો વિચારવાની ક્ષમતા પર સીધી અસર થાય છે. મેમરી પર પ્રભાવ થાય છે. જ્યારે લાંબા સમય સુધી અટકી જવાની સ્થિતીમાં દિમાગ સંબંધિત બિમારીને જન્મ આપવાનો ખતરો વધી જાય ચે. તેમાં ડિમેન્શિયા અને મેમરી લોસનો ખતરો રહે છે. લાંબા સમય સુધી બેઠા રહેવાને લઈને કેટલાક અભ્યાસ કરવામાં આવી ચુક્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે સતત બેઠા રહેવાની સ્થિતીમાં શરીરના તમામ હિસ્સામાં લોહીના સંચારમાં અસર થાય છે. આમાં સૌથી વધારે અસર પગમાં થાય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની સ્થિતીમાં પેરામાં વિકલાંગતા પણ આવી શકે છે. આ અભ્યાસના તારણ ઈંગ્લેન્ડની લિવરપુલ જહોન મુરે યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ રહેલા લોકોએ એક સ્થાન પર બેસીને નોકરી કરનાર લોકોને આવરી લઈને અભ્યાસની પ્રક્રિયા હાથ ધરી હતી. આ તમામ લોકો દ્વારા એક જગ્યાએ બેસીને સતત ચાર કલાકથી વધારે સમય સુધી કામ કર્યુ હતુ. આ લોકો પોતાની સીટ પર માત્ર બાથરૂમ જવા માટે જ ઉઠતા હતા. શોધ કરનાર નિષ્ણાંતોએ તેમના બ્રેક અને ત્યારબાદ બ્લડ સંચારને લઈને ગણતરી કરી હતી. પરિણામ એવા જ આવ્યા હતા જેવી ગણતરી કરવામાં આવી હતી. અને આશા રાખવામાં આવી હતી. ચાર કલાક સુધી સતત બેસીને કામ કરનારમાં લોહી સંચારની ગતિ ધીમી નજરે પડી હતી. પરંતુ વચ્ચેના ગાળામાં બે મિનિટ વોક કરવામાં આવ્યુ ત્યારે બ્લડ ફ્લોમાં વધારો પણ થયો છે.


**રાજસ્થાન, છત્તીસગઢ અને ઝારખંડ પહેલાં જ એનપીએસને પોતાને ત્યાં બંધ કરીને ૧૯૭૨ની પેન્શન યોજનાને બહાલ કરવાની જાહેરાત કરી ચૂક્યા**

# ચૂંટણીની દૃષ્ટિએ જો રાજ્ય જૂની પેન્શન યોજના પર પાછા ફરે તો પરિણામ ખતરનાક હોઇ શકે છે

**જૂની પેન્શન યોજનાનો બોજ કરદાતાઓની સાથે અન્યાય તો છે જ, સાથે જ તેનાથી લોકધનના સમાવેશી વિતરણ પર પણ સવાલ ઊઠે**

આ સમયે દેશમાં સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શનનો મુદ્દો ખૂબ ચગેલો છે. ગળા સુધી દેવામાં ડૂબેલા પંજાબે પોતાના ૧.૬૦ લાખ કર્મચારીઓ માટે રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી એટલે કે એનપીએસને બદલે જૂની પેન્શન યોજના બહાલીનો નિર્ણય કર્યો છે. રાજસ્થાન, છત્તીસગઢ અને ઝારખંડ પહેલાં જ એનપીએસને પોતાને ત્યાં બંધ કરીને ૧૯૭૨ની પેન્શન યોજનાને બહાલ કરવાની જાહેરાત કરી ચૂક્યા છે. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પણ નાણાં વિભાગને આ મામલે પરીક્ષણ કરવાનું કહ્યું છે. ગુજરાતમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાના વાયદામાં તેને દોહરાવી રહી છે. સ્પષ્ટ છે કે જૂની પેન્શન યોજનાનો મુદ્દો એક ચૂંટણી ગતકડું બની ગયું છે અને તેની બહાલીમાં રાજકીય પક્ષો સત્તાની ચાવી જોઈ રહ્યા છે. તેઓ એ જાણવા છતાં એવું કરી રહ્યા છે કે જૂની પેન્શન સ્કીમ આપવી આર્થિક રૂપે એક જોખમપૂર્ણ નીતિ છે. આ પણ એક પ્રકારની 'રેવડી' જ છે, જેને સામાજિક ન્યાય કે સુરક્ષા સાથે કોઈ તાર્કિક સંબંધ નથી.

૨૦૦૪માં વાજપેયી સરકારે ૧૯૭૨ની પેન્શન જોગવાઈઓને બદલે ભાગીદારી કેન્દ્રિત એનપીએસ યોજનાને આકાર આપ્યો હતો, ત્યારબાદ યુપીએ સરકારે પણ તેને સશક્ત બનાવી. બંગાળને છોડીને બાકીના તમામ રાજ્યોએ તેને લાગુ કરી અને આજે પણ તમામ રાજ્યો અને કેન્દ્રના કર્મીઓ માટે તે લાગુ છે. જૂની પેન્શન યોજના અસલમાં પાછલી સદીના આઠમા દાયકાની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓની



માંગ પર નિર્ભર હતી. તે નિવૃત્તિ વખતે છેલ્લા પગાર પર ૫૦ ટકા રકમને પેન્શન રૂપે નિર્ધારિત કરતી હતી. આ એ દોર હતો, જ્યારે પગાર ધોરણ આજના જેવું ઊંચું ન હતું. સરેરાશ ઉંમર પણ ઓછી હતી. તેમાં કર્મચારીઓને સીધું કશું જ નહોતું આપવાનું, જ્યારે એનપીએસમાં તેમણે ૧૦ ટકાનું અંશદાન આપવાનું હોય છે. સરકાર પણ ૧૪ ટકા જમા કરીને પેન્શન ફંડમાં પોતાનું યોગદાન આપે છે. આ એનપીએસને બદલે કર્મચારીઓ દ્વારા જૂની પેન્શન યોજના બહાલ કરવા માટે સંગઠિત રૂપે દેશભરમાં દબાણ બનાવવામાં આવે છે. સરકારમાં બેઠેલા અને સત્તામાં આવવા મથતા રાજકીય પક્ષોને લાગે છે કે કર્મચારીઓની જથ્થાબંધ વોટબેંકથી તેમની કિસ્મત ખૂલી શકે છે, તેથી તેઓ આ યોજનાનાં દુષ્પરિણામો જાણવા છતાં આગળ વધી રહ્યા છે. કારણ કે દરેક રાજકીય પક્ષને લાગે છે કે તેની જાહેરાતથી તેના રાજ્યમાં તાત્કાલિક આર્થિક સંકટ પેદા નથી થવાનું, તેને થતાં ૧૦થી ૧૫ વર્ષ લાગશે.

વસ્તુતઃ જૂની પેન્શન યોજના એ સમાજવાદી માનસિકતાની ઉપજ હતી, જેણે રાજ્યની અવધારણામાં નાગરિકોને રાજ્ય પર આશ્રિત બનાવીને રાખવા માંગ્યા. આજે ભારત સમાજવાદથી આગળ વૈશ્વિક આર્થિક શક્તિ રૂપે પોતાનું સ્થાન બનાવી રહ્યું છે. ૧૯૯૧ બાદ જે આર્થિક નીતિઓ પર દેશ આગળ વધ્યો છે, ત્યાં જૂની પેન્શન યોજના જેવા પ્રકલ્પ સ્વીકાર્ય નથી. એવામાં જૂની પેન્શન યોજનાનો બોજ કરદાતાઓની સાથે અન્યાય તો છે જ, સાથે જ તેનાથી લોકધનના સમાવેશી વિતરણ પર પણ સવાલ ઊઠે છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી અનુસાર રાજ્યોના પોતાના રાજસ્વમાં પેન્શન ખર્ચનો હિસ્સો ઝડપથી વધી રહ્યો છે. તે ૧૯૯૦ સુધી ૮.૭ ટકા હતો અને ૨૦૨૦-૨૧ સુધી વધીને લગભગ ૨૬ ટકા પર આવી ચૂક્યો હતો. ચૂંટણીની દૃષ્ટિએ જો રાજ્ય જૂની પેન્શન યોજના પર પાછા ફરે તો પરિણામ ખતરનાક હોઈ શકે છે. તે રાજ્યોની ખસ્તાહાલ આર્થિક સ્થિતિને વધુ જર્જરિત બનાવી શકે છે.

એસબીઆઈ રિસર્ચના આંકડાને જોઈએ તો મોટાભાગનાં રાજ્યો પોતાના કુલ રાજસ્વ સંગ્રહનો મોટાભાગનો હિસ્સો પોતાના કર્મીઓના વેતન-ભથ્થાં અને પેન્શન પર ખર્ચ કરી રહ્યાં છે. બિહાર કુલ આવકના ૫૮.૯ ટકા, ઉત્તરાખંડ ૫૮.૩ ટકા, ઝારખંડ ૩૧.૫ ટકા અને બંગાળ ૩૨.૮ ટકા હિસ્સો સરકારી કર્મીઓ પર ખર્ચ કરી રહ્યા છે. જે રાજસ્થાને એનપીએસને ખતમ કરવાનો નિર્ણય કર્યો છે, ત્યાં હાલત એ છે કે કુલ આવકના ૫૮ હજાર કરોડ રૂપિયામાંથી ૪૮ હજાર કરોડ રૂપિયા વેતન-ભથ્થાં અને ૧૯ હજાર કરોડ રૂપિયા પેન્શન પર ખર્ચ કરવા પડી રહ્યા છે. પંજાબમાં પાછલાં પાંચ વર્ષમાં ૪૪ ટકા દેવું વધ્યું છે અને તે પોતાના દોઢ લાખ કરોડ રૂપિયાના બજેટમાંથી લગભગ ૬૧ હજાર કરોડ રૂપિયા કર્મચારીઓના વેતન અને પેન્શન પર ખર્ચ કરી રહ્યું છે. મધ્ય પ્રદેશમાં પણ લગભગ ૫૨ ટકા બજેટની રકમ આ જ માટે ખર્ચ થઈ રહી છે. કુલ મળીને બધાં રાજ્યોની કહાની એક જેવી જ છે. બુનિયાદી સવાલ એ છે કે શું આ સામાજિક-આર્થિક ન્યાયના દૃષ્ટિકોણથી યોગ્ય છે?

દેશમાં લગભગ ૧૨ કરોડ લોકો ૬૦ વર્ષથી વધુ ઉંમરના છે, જેમાંથી ૯૦ ટકાને કોઈ પ્રકારનું સંસ્થાગત પેન્શન નથી મળતું.

CMYK



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

CMYK




# પર્વતીય રાજ્યોમાં બે દિવસની હિમવર્ષાની ચેતવણી

। નવીદિલ્હી, તા.૬ ।

પશ્ચિમ હિમાલયના રાજ્યોમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષાના કારણે પર્વતો તેમજ મેદાની વિસ્તારોમાં ઠંડીમાં વધારો થયો છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ સહિત ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં ઠંડા દિવસ જેવી સ્થિતિ પ્રવર્તે છે. રાજસ્થાન અને સુદૂર પૂર્વના રાજ્યો ઝારખંડ અને ઓડિશા પણ તીવ્ર ઠંડીની લપેટમાં છે. મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે રહ્યું છે. હવામાન વિભાગે ૯ જાન્યુઆરી સુધી જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં અલગ-અલગ સ્થળોએ વરસાદ અને ભારે હિમવર્ષાને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જેના પછી ઠંડીમાં વધુ વધારો થવાની સંભાવના છે.ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં એક તાજી પશ્ચિમી વિક્ષેપ સક્રિય થયો છે. તેની અસરને કારણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન આ વિસ્તારના મોટાભાગના વિસ્તારોમાં તીવ્ર ઠંડીનો અનુભવ થયો હતો. યુપીના કેટલાક ભાગો તેમજ દક્ષિણ પંજાબ અને દક્ષિણ હરિયાણામાં અલગ-અલગ સ્થળોએ ઠંડા દિવસની સ્થિતિ યથાવત રહી હતી. હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં શીત લહેર પ્રવર્તી રહી છે.

